


| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| RCB | 12 | 8 | 4 | 0 | 16 | 1.053 |
| GT | 12 | 8 | 4 | 0 | 16 | 0.551 |
| SRH | 12 | 7 | 5 | 0 | 14 | 0.331 |
| PBKS | 11 | 6 | 4 | 1 | 13 | 0.428 |
| CSK | 11 | 6 | 5 | 0 | 12 | 0.185 |
| RR | 11 | 6 | 5 | 0 | 12 | 0.082 |
| DC | 12 | 5 | 7 | 0 | 10 | -0.993 |
| KKR | 11 | 4 | 6 | 1 | 9 | -0.198 |
| MI | 11 | 3 | 8 | 0 | 6 | -0.585 |
| LSG | 11 | 3 | 8 | 0 | 6 | -0.907 |

# ટીમ 8 ને સ્થાન 4 : IPL પ્લેઓફની સ્પર્ધા બની રોમાંચક

**» ગુજરાત ટાઇટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે ટોચના બે સ્થાન માટેની સ્પર્ધા » પ્રારંભે શુરી પંજાબ કિંગ્સ સતત ચાર મેચ હાર્યું છે અને બાકીની ત્રણમાંથી બે મેચ જીતવી જરૂરી છે » પ્રથમ ત્રણ મેચ હાર્યા પછી સીએસકે છેલ્લી આઠમાંથી છ મેચ જીતીને પોતાને રેસમાં મૂકી દીધી છે**



નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ) : ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) માં ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે) અને કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) યોગ્ય સમયે ફોર્મમાં પાછા ફર્યા હોવાથી, લીગ તબક્કામાં હવે જ્યારે માત્ર 10 દિવસ બાકી રહ્યા છે ત્યારે પ્લેઓફની રેસ રોમાંચક બની ગઈ છે અને પ્લેઓફના ચાર સ્થાનો માટે હાલમાં આઠ ટીમો સ્પર્ધામાં છે.

ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી) અને ગુજરાત ટાઈટન્સનું પ્લેઓફમાં પહોંચવાનું નિશ્ચિત લાગે છે અને તેમની વચ્ચે ટોચના બે સ્થાન માટે સ્પર્ધા થવાની સંભાવના દેખાઈ રહી છે. આ તરફ ધીમી શરૂઆત પછી સનરાઈઝર્સ હૈદરાબાદે પણ સારું પ્રદર્શન કરીને પોતાને રેસમાં જાળવી રાખ્યું છે. પરંતુ સૌથી આશ્ચર્યજનક બાબત પંજાબ કિંગ્સનું અચાનક ખરાબ પ્રદર્શન છે. સારી શરૂઆત પછી, પંજાબ કિંગ્સ સતત ચાર મેચ હારી ગયું છે. આઈપીએલની 10 ટીમોમાંથી મુંબઈ ઈન્ડિયન્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ બહાર થઈ ગયા છે. ક્વોલિફાઈંગ રેસમાં રહેલી આઠ ટીમો પર એક નજર નાંખી લઈએ.

## પંજાબ કિંગ્સ : ત્રણમાંથી બે મેચ જીતવી જરૂરી



સારી શરૂઆત કર્યા પછી ખરાબ બોલિંગ અને ફિલ્ડિંગને કારણે પંજાબ સતત ચાર હારનો સામનો કરી ચૂક્યું છે, પરંતુ IPLના પહેલા તબક્કામાં શાનદાર પ્રદર્શનને કારણે ટીમ હજુ પણ છેલ્લા ચારમાં છે. તેમનો નેટ રન રેટ પણ સારો છે. તેમને હવે મુંબઈ ઈન્ડિયન્સ, આરસીબી અને સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની બાકીની ત્રણ મેચોમાંથી બે જીતવાની જરૂર છે. તેમના 11 મેચોમાં 13 પોઈન્ટ છે અને તેમને ધર્મશાલામાં મુંબઈ સામેની મેચ કોઈપણ કિંમતે જીતવી જ જોઈએ.

## દિલ્હી કેપિટલ્સ: લગભગ રેસમાંથી બહાર



અક્ષર પટેલની કેપ્ટનશીપ હેઠળ, દિલ્હીએ આગામી સિઝન માટે આયોજન શરૂ કરી દીધું છે. તેમના 12 મેચોમાં ફક્ત 10 પોઈન્ટ છે અને જો તેઓ પોતાની બાકીની બધી મેચ જીતે તો પણ તેમના 14 પોઈન્ટ થઇ શકે છે અને તેઓ પોતાની બાકીની મેચ મોટા માર્જીનથી જીતે તો પણ તેઓ કોઇ મોટો ફરક પાડી શકે તેમ નથી તેથી તેઓ પ્લેઓફની રેસમાંથી લગભગ બહાર થઈ ગયા છે.

## રાજસ્થાન રોયલ્સ : ત્રણમાંથી બે મેચ જીતવી જરૂરી



વૈભવ સૂર્યવંશી અને ધ્રુવ જુરેલના પ્રભાવશાળી પ્રદર્શન છતાં, રોયલ્સ સાતત્ય જાળવી રાખવામાં અસમર્થ રહ્યું છે. ચાર જીત સાથે શરૂઆત કર્યા પછી, ટીમે તેમની છેલ્લી સાત મેચમાંથી પાંચ હારી છે. તેમની બોલિંગ પણ એક સમસ્યા બની રહી છે. 11 મેચોમાં 12 પોઈન્ટ ધરાવતી રોયલ્સે આગામી ત્રણ મેચોમાંથી ઓછામાં ઓછી બે જીતવાની અને અનુકૂળ પરિણામોની આશા રાખવાની જરૂર પડશે. તેઓ તેમની બાકીની મેચોમાં દિલ્હી કેપિટલ્સ, લખનૌ સુપરજાયન્ટ્સ અને મુંબઈનો સામનો કરશે.

## કોલકાતા નાઈટ રાઈડર્સ : અન્ય ટીમોથી એક મેચ વધુ



અજિંક્ય રહાણેની આગેવાની હેઠળની ટીમ પ્રથમ હાફમાં સારું પ્રદર્શન કરી શકી ન હતી પરંતુ સતત છ હાર બાદ, છેલ્લી ચાર મેચ જીતીને તે ટ્રેક પર પાછી ફરી. તેમની પાસે અન્ય ટીમો કરતાં એક મેચ વધુ છે અને તેઓ વધુમાં વધુ 17 પોઈન્ટ મેળવી શકે છે. KKR તેમની છેલ્લી ત્રણ મેચ ઈડન ગાર્ડન્સ ખાતે રમશે, જો કે તેઓને તેનો કેટલો ફાયદો થશે તો કહી શકાય તેમ નથી.

## રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર : એક જીતથી પ્લેઓફમાં સ્થાન પાકું



રજત પાટીદારના નેતૃત્વ હેઠળની આ ટીમે ગયા વર્ષે તેનું પહેલું IPL ટાઇટલ જીતવામાં મદદ કરતી સાતત્ય જાળવી રાખી છે. હવે તેઓ બુધવારે કોલકાતા નાઈટ રાઇડર્સનો સામનો કરશે, એક જીત જે તેમને પ્લેઓફમાં સ્થાન મેળવવાની લગભગ ખાતરી આપશે. અત્યાર સુધી 11 મેચોમાં 14 પોઈન્ટ સાથે આરસીબીનો નેટ રન રેટ શ્રેષ્ઠ છે. કેકેઆર પછી, તેઓ પંજાબ કિંગ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ સામે રમશે.

## ગુજરાત ટાઇટન્સ : ટોપ ટુમાંથી એકનું મજબૂત દાવેદાર



ચાર વર્ષ પહેલાં પોતાની શરૂઆતથી અત્યાર સુધી ગુજરાત ફક્ત એક જ વાર પ્લેઓફમાં પહોંચવાથી વંચિત રહ્યું છે. મજબૂત બોલિંગ પ્રદર્શન અને ટોચના ત્રણ બેટ્સમેનોના ફોર્મ સાથે, શુભમન ગિલની આગેવાની હેઠળની ટીમ ટોચના બે સ્થાન માટે મજબૂત દાવેદાર છે. ગુજરાતના 12 મેચોમાં 16 પોઈન્ટ છે અને તે પોતાની છેલ્લી બે મેચ KKR અને ચેન્નાઈ સુપર કિંગ્સ સામે રમશે.

## સનરાઇઝર્સ હૈદરાબાદ : બેમાંથી એક જીત જરૂરી



છેલ્લી આઠ મેચમાં છ જીત સાથે, સનરાઇઝર્સે યોગ્ય સમયે પોતાની તાકાત શોધી કાઢી છે. તેમના બેટ્સમેનોએ પ્રશંસનીય પ્રદર્શન કર્યું છે, અને તેમના બોલરો પણ કોઈ આળસુ રહ્યા નથી. સનરાઇઝર્સ પાસે 14 પોઈન્ટ છે અને તેઓ આગામી બે મેચમાં ચેન્નાઈ અને આરસીબી સામે રમશે. પ્લેઓફમાં પહોંચવા માટે તેમને ઓછામાં ઓછા બે વધુ પોઈન્ટ મેળવવાની જરૂર છે.

## ચેન્નાઈ સુપર કિંગ્સ : બાકીની ત્રણેય મેચ જીતવી પડશે



પોતાની પહેલી ત્રણ મેચ હાર્યા બાદ, ચેન્નઈએ છેલ્લી આઠમાંથી છ મેચ જીતી છે. તેમને ૧૫ મેના રોજ લખનૌ સુપરજાયન્ટ્સ સામે બે પોઈન્ટ મેળવવાની જરૂર છે, ત્યારબાદ સનરાઈઝર્સ હૈદરાબાદ અને ગુજરાત સામે છેલ્લી બે મેચ રમવાની છે. ચેન્નઈને આગામી દસ દિવસમાં ત્રણેય મેચ જીતવાની જરૂર છે, કારણ કે આ વખતે ૧૮ પોઈન્ટ પ્લેઓફ ક્વોલિફિકેશનની ખાતરી આપે છે.

# કોહલીની સદીથી KKRને હરાવી RCB ટેબલ ટોપર

**કેકેઆરને** રઘુવંશીએ 192 રન સુધી પહોંચાડ્યું, કોહલીની નોટઆઉટ સદીથી RCB છ વિકેટે જીત્યું

રાયપુર, તા. 13 : આઈપીએલમાં આજે બુધવારે વરસાદને કારણે મોડી શરૂ થયેલી મેચમાં અંગક્રિશ રઘુવંશીની 71 રનની શાનદાર ઈનિંગની મદદથી કેકેઆરે મૂકેલા 193 રનના લક્ષ્યાંક સામે વિરાટ કોહલીની નોટઆઉટ સદીની મદદથી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ 19.1 ઓવરમાં ચાર વિકેટે કબજે કરીને મેચ છ વિકેટે જીતવાની સાથે પોઈન્ટ ટેબલમાં ટોચના સ્થાને પહોંચી ગયું હતું.

રનચેઝમાં ચેઝ માસ્ટર કોહલીની આગેવાની હેઠળ આરસીબીએ શરૂઆતથી જ રિધમ મેળવી લીધી હતી અને કોહલી અંત સુધી નોટઆઉટ રહ્યો ત્યાં સુધી તેમના પર ક્યારેય તેનું દબાણ આવ્યું નહોતું, તેણે 60 બોલમાં 11 ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી 105 રનની નોટઆઉટ ઈનિંગ રમી આરસીબીને જીતાડ્યું હતું. ભીના મેદાનને કારણે મેચ એક કલાકથી વધુ મોડી શરૂ થઈ હતી. વિકેટકીપર-બેટ્સમેન રઘુવંશીએ 46 બોલમાં ત્રણ છગ્ગા અને સાત ચોગ્ગાની મદદથી આક્રમક ઈનિંગ રમી હતી. તેણે કેમરન



ગ્રીન સાથે 68 અને રિન્કુ સિંહની સાથે 76 રનની મહત્વની ભાગીદારીઓ નોંધાવીને ટીમને તે ગતિ આપી હતી.

### કોહલી IPLમાં સર્વાધિક મેચ રમનારો ખેલાડી બન્યો

રાયપુર : વિરાટ કોહલી આઇપીએલમાં સૌથી વધુ મેચ રમનાર ખેલાડી બની ગયો છે. તે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તરફથી કોલકાતા નાઈટ રાઈડર્સ સામે આજે રમવા ઉતર્યો એ તેની આ 279મી આઇપીએલ મેચ છે. આઇપીએલ 2026 ની શરૂઆત પહેલા, સીએસકેના મહેન્દ્ર સિંહ ધોનીના નામે સૌથી વધુ 278 મેચ રમવાનો રેકોર્ડ હતો, હવે કોહલી તેને ઓવરટેક કરી ગયો છે. રોહિત શર્મા પણ 278 મેચ સાથે ધોનીની બરોબરી પર છે.

**IPLમાં સૌથી વધુ મેચ રમનારા ખેલાડીઓ**

| ખેલાડી | મેચ |
|---|---|
| વિરાટ કોહલી | 279 |
| એમએસ ધોની | 278 |
| રોહિત શર્મા | 278 |
| રવિન્દ્ર જાડેજા | 265 |
| દિનેશ કાર્તિક | 257 |

| કોલકાતા નાઇટ રાઇડર્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| રહાણે કોએન્ડબો.હેઝલવુડ | 19 | 13 | 3 | 1 |
| એલન કો.જીતેશ બો.ભુવી | 18 | 8 | 3 | 1 |
| રઘુવંશી રનઆઉટ | 71 | 46 | 7 | 3 |
| ગ્રીન બો.રસીક | 32 | 24 | 3 | 1 |
| રિન્કુ નોટઆઉટ | 49 | 29 | 3 | 2 |
| વધારાના | 3 | | | |
| કુલ (20 ઓવરમાં ચાર વિકેટે) | 192 | | | |

**વિકેટપતન :** 1/23, 2/48, 3/116, 4/192

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ભુવનેશ્વર કુમાર | 4 | 0 | 34 | 1 |
| જેકબ ડફી | 4 | 0 | 48 | 0 |
| જોશ હેઝલવુડ | 4 | 0 | 35 | 1 |
| રસિક સલામ | 4 | 0 | 35 | 1 |
| કૃણાલ પંડ્યા | 4 | 0 | 39 | 0 |

| રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| બેથલ કોએન્ડબો.કાર્તિક | 15 | 12 | 2 | 1 |
| કોહલી નોટઆઉટ | 105 | 60 | 11 | 3 |
| પડીકલ કો.રહાણે કો.કાર્તિક | 39 | 27 | 7 | 0 |
| પાટીદાર કો.રહાણે બો.નરીન | 11 | 8 | 0 | 1 |
| ડેવિડ કો.પાંડે બો.કાર્તિક | 2 | 3 | 0 | 0 |
| જીતેશ નોટઆઉટ | 8 | 5 | 1 | 0 |
| વધારાના | 14 | | | |
| કુલ (19.1 ઓવરમાં ચાર વિકેટે) | 194 | | | |

**વિકેટપતન :** 1/37, 2/129, 3/157, 4/180

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| સૌરભ દુબે | 2.1 | 0 | 21 | 0 |
| વૈભવ અરોરા | 4 | 0 | 48 | 0 |
| કાર્તિક ત્યાગી | 4 | 0 | 32 | 3 |
| સુનિલ નરીન | 4 | 0 | 31 | 1 |
| કેમરન ગ્રીન | 2 | 0 | 22 | 0 |
| અનુકુલ રોય | 3 | 0 | 36 | 0 |

# મુંબઈ સામે આજે પંજાબ પોતાનું અભિયાન પાટે ચડાવવા માગશે

**સાંજે 7.30થી** મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

ધર્મશાલા, તા. 13 (પીટીઆઈ) : આઈપીએલમાં છેલ્લી ચાર મેચથી હારનો સામનો કરી રહેલું પંજાબ કિંગ્સે આવતીકાલે ગુરુવારે મુંબઈ ઈન્ડિયન્સ સામે મેદાને પડશે ત્યારે પોતાની ઝુંબેશ પાછી પાટા પર લાવવા માટે તાત્કાલિક પોતાની બોલિંગ અને ફિલ્ડિંગમાં સુધારો કરવો પડશે. ટુર્નામેન્ટમાં



મજબૂત શરૂઆત કર્યા પછી, પંજાબ કિંગ્સ હવે સતત ચાર મેચ હારી ચૂકી છે અને પ્લેઓફમાં સ્થાન મેળવવા માટે સંઘર્ષ કરી રહી છે. ટોચના ચારમાં સ્થાન મેળવવા માટે તેમને બાકી રહેલી ઓછામાં ઓછી બે મેચ જીતવાની જરૂર પડશે. અત્યાર સુધી, પંજાબ ટુર્નામેન્ટમાં એકમાત્ર અજેય ટીમ હતી, પરંતુ આ ફોર્મેટ અને આઈપીએલનું સ્વરૂપ એવું છે કે ભાગ્ય ઝડપથી બદલાઈ શકે છે.

# થાઈલેન્ડ ઓપનમાં શ્રીકાંત, સિંધુ, લક્ષ્ય માલવિકા, દેવિકાની આગેકૂચ

**આયુષ** શેટ્ટી, ઉન્નતી હુડા અને અનમોલ ખરબ સિંગલ્સમાં હારીને બહાર થયા

બેંગકોક, તા. 13 (પીટીઆઈ) : 500,000 ડોલરનું ઈનામ ધરાવતી થાઈલેન્ડ ઓપન સુપર 500 ટુર્નામેન્ટમાં ભારતીય ખેલાડીઓ માટે રહેલા મિશ્ર દિવસમાં સ્ટાર શટલર પીવી સિંધુ, લક્ષ્ય સેન અને કિદામ્બી શ્રીકાંત આજે બુધવારે સીધી ગેમમાં જીત સાથે બીજા રાઉન્ડમાં આગળ વધ્યા હતા. સિંધુએ



ચાઈનીઝ તાઈપેઈની તુંગ સિઉ ટોંગને 21-9, 21-12થી હરાવી હતી જ્યારે સાતમા ક્રમાંકિત અને બે વખતની ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપ ફાઈનલિસ્ટ લક્ષ્યે સિંગાપોરના જિયા હેંગ જેસનને 21-16, 21-17થી હરાવ્યો હતો. માજી વિશ્વ નંબર વન શ્રીકાંતે સિંગાપોરના આઠમા ક્રમાંકિત લો કીન યૂને 21-14, 21-15થી હરાવીને અપસેટ સર્જ્યો. શ્રીકાંતનો મુકાબલો પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં ચાઈનીઝ તાઈપેઈની સુ લી યાંગ સામે થશે જ્યારે સિંધુનો મુકાબલો ડેનમાર્કની એમેલી શુળ્ઝ સામે થશે. આ વર્ષે થાઈલેન્ડ માસ્ટર્સમાં પોતાનો પહેલો સુપર 300 ટાઈટલ જીતનાર દેવિકા સિહાગે એક કલાક અને 11 મિનિટ ચાલેલી કઠિન મેચમાં વિશ્વની 26મી ક્રમાંકિત જાપાનની નત્સુકી નિદૈરાને 21-19, 13-21, 21-15થી હરાવી, જ્યારે માલવિકા બંસોડે કેનેડાની વેન યુ ઝેંગને 13-21, 26-24, 21-13થી હરાવી હતી પરંતુ તન્વી શર્મા જાપાનની હિના અકેચી સામે 17-21, 8-21થી હારી ગઈ હતી.

# ટેસ્ટ રેન્કિંગમાં બુમરાહ ટોચે યથાવત, જયસ્વાલ-ગિલ ટોપ 10માં

**ટોપ ટેન** બોલર્સમાં ભારતનો બીજો કોઇ બોલર નથી, બેટ્સમેનોમાં પણ ગીલ અને જયસ્વાલ સિવાય કોઇ નથી

દુબઈ, તા. 13 (પીટીઆઈ) : આઈસીસી દ્વારા આજે બુધવારે જારી કરાયેલા નવીનતમ આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં ભારતના ઝડપી બોલર જસપ્રીત બુમરાહે બોલરોની યાદીમાં પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. બેટ્સમેનોની યાદીમાં યશસ્વી જયસ્વાલ અને શુભમન ગિલ અનુક્રમે આઠમા અને નવમા ક્રમે છે જ્યારે ઈંગ્લેન્ડનો માજી ટેસ્ટ કેપ્ટન જો રૂટ 880 પોઈન્ટ સાથે ટોચ પર છે. જયસ્વાલના 750 પોઈન્ટ છે. ગિલ એક સ્થાન ઉપર આવીને 730 પોઈન્ટ પર પહોંચી ગયા છે. હેરી બ્રુક આ યાદીમાં બીજા ક્રમે છે, ત્યારબાદ ઓસ્ટ્રેલિયાના ટ્રેવિસ હેડ અને સ્ટીવ સ્મિથનો ક્રમ આવે છે. ભારતે 202 ની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં એક પણ મેચ રમી નથી, તેમની છેલ્લી સીરિઝ નવેમ્બરમાં દક્ષિણ આફ્રિકા સામે ઘરઆંગણે રમાઈ હતી.

**ટેસ્ટ રેન્કિંગ ટોપ ટેન બેટ્સમેન**

| ક્રમ | ખેલાડી | દેશ | રેટિંગ |
|---|---|---|---|
| 1 | જો રૂટ | ઈંગ્લેન્ડ | 880 |
| 2 | હેરી બ્રુક | ઈંગ્લેન્ડ | 857 |
| 3 | ટ્રેવિસ હેડ | ઓસ્ટ્રેલિયા | 853 |
| 4 | સ્ટીવ સ્મિથ | ઓસ્ટ્રેલિયા | 831 |
| 5 | કેન વિલિયમ્સન | ન્યુઝીલેન્ડ | 822 |
| 6 | કામિન્દુ મેન્ડિસ | શ્રીલંકા | 781 |
| 7 | તેમ્બા બવુમા | દ. આફ્રિકા | 775 |
| 8 | યશસ્વી જયસ્વાલ | ભારત | 750 |
| 9 | શુભમન ગીલ | ભારત | 730 |
| 10 | દિનેશ ચંદીમલ | શ્રીલંકા | 717 |

**ટેસ્ટ રેન્કિંગ ટોપ ટેન બોલર્સ**

| ક્રમ | ખેલાડી | દેશ | રેટિંગ |
|---|---|---|---|
| 1 | જસપ્રીત બુમરાહ | ભારત | 879 |
| 2 | મિચેલ સ્ટાર્ક | ઓસ્ટ્રેલિયા | 838 |
| 3 | મેટ હેનરી | ન્યૂઝીલેન્ડ | 836 |
| 4 | પેટ કમિન્સ | ઓસ્ટ્રેલિયા | 832 |
| 5 | નોમાન અલી | પાકિસ્તાન | 825 |
| 6 | માર્કો યાન્સેન | દક્ષિણ આફ્રિકા | 825 |
| 7 | સ્કોટ બોલેન્ડ | ઓસ્ટ્રેલિયા | 820 |
| 8 | કગિસો રબાડા | દક્ષિણ આફ્રિકા | 807 |
| 9 | જોશ હેઝલવુડ | ઓસ્ટ્રેલિયા | 775 |
| 10 | નાથન લિયોન | ઓસ્ટ્રેલિયા | 753 |

# સારું પ્રદર્શન છતાં, વિદેશી કોચને કારણે મને હટાવ્યો : પીઆર શ્રીજેશ

**ખરાબ** પ્રદર્શને કારણે હકાલપટ્ટી થાય તે મને ખબર છે પણ હોકી ઇન્ડિયાએ વિદેશી કોચની વરણી માટે મને દૂર કર્યો

નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ) : દિગ્ગજ ભારતીય ગોલકીપર પીઆર શ્રીજેશે હોકી ઈન્ડિયાના વિદેશી કોચને પસંદ કરવાના અભિગમ પર સવાલ ઉઠાવતા કહ્યું છે કે સારા પ્રદર્શન છતાં મને જુનિયર ટીમના કોચ પદ પરથી



દૂર કરવામાં આવ્યો હતો. મંગળવારે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, બે વખતના ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલિસ્ટ શ્રીજેશે લખ્યું કે તેના સારા પ્રદર્શન છતાં, તેને દૂર કરવામાં આવ્યો કારણ કે હોકી ઈન્ડિયા જુનિયર સ્તરે પણ વિદેશી કોચ ઈચ્છે છે.

શ્રીજેશે 'X' પર લખ્યું, કે એવું લાગે છે કે મારી કોચિંગ કારકિર્દી ફક્ત દોઢ વર્ષ પછી પૂરી થઈ ગઈ છે જેમાં અમે પાંચ ટુર્નામેન્ટ રમ્યા અને જુનિયર વર્લ્ડકપ સહિત પાંચ વખત પોડિયમ પર રહ્યા. તેણે કહ્યું, મેં સાંભળ્યું છે કે ખરાબ પ્રદર્શન પછી કોચને દૂર કરવામાં આવે છે પરંતુ પહેલી વાર મને વિદેશી કોચની નિમણૂક કરવા માટે દૂર કરવામાં આવી રહ્યો છે.

# એશિયન સિનિયર વેઈટલિફ્ટિંગમાં જ્ઞાનેશ્વરીએ બે મેડલ જીત્યા

**જ્ઞાનેશ્વરીએ** સ્નેચ કેટેગરીમાં સિલ્વર અને ઓવરઓલમાં બ્રોન્ઝ મેડલ જીત્યો

ગાંધીનગર, તા. 13 (પીટીઆઈ) : ભારતીય વેઈટલિફ્ટર જ્ઞાનેશ્વરી યાદવે બુધવારે અહીં 2026 એશિયન સિનિયર વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં 53 કિગ્રાની કેટેગરીમાં સિલ્વર અને બ્રોન્ઝ



મેડલ જીતીને બેવડી સફળતા હાંસલ કરી. જ્ઞાનેશ્વરીએ સ્નેચ કેટેગરીમાં સિલ્વર અને ત્યારબાદ તે જ ઈવેન્ટમાં કુલ 194 કિલો વજન ઉપાડીને બ્રોન્ઝ મેડલ જીત્યો.

# સારાહ ટેલર પુરુષ ટીમમાં નિયુક્ત થનાર પ્રથમ મહિલા કોચ

લંડન, તા. 13 : ઈંગ્લેન્ડની મહિલા ટીમની માજી વિકેટકીપર સારાહ ટેલરને ન્યુઝીલેન્ડ સામેની આગામી સીરિઝ માટે સિનિયર પુરુષ ટેસ્ટ ટીમના ફિલ્ડિંગ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવી છે, ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી) ના ક્રિકેટ ડિરેક્ટર રોબ કીએ બુધવારે જાહેરાત કરી હતી. ટેલરે એન્ડ્રુ ફ્લિન્ટોફના નેતૃત્વ હેઠળ ઈંગ્લેન્ડ લાયન્સ ટીમ સાથે પણ કામ કર્યું હતું. ત્યાં તેના પ્રભાવશાળી પ્રદર્શનને કારણે તેને સિનિયર ટીમના સપોર્ટ સ્ટાફમાં સ્થાન મળ્યું.

## સુડોકુ - 'ક્રૂર'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | | ૨ | ૬ | ૯ | ૮ | | ૧ |
| | | | | ૮ | ૪ | ૨ | ૯ | ૫ |
| ૨ | ૯ | | | | | ૪ | ૭ | ૬ |
| ૯ | ૭ | ૨ | | | ૬ | | | ૪ |
| ૬ | | | ૧ | ૯ | | ૩ | | |
| ૮ | | ૧ | | ૫ | | | | ૯ |
| ૧ | ૨ | ૯ | ૩ | | | | | ૮ |
| | | ૩ | ૬ | | ૧ | ૯ | | |
| | ૬ | | ૯ | ૨ | ૮ | ૧ | ૪ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### કબજિયાત

સંઘરાખોરી સામાજિક દૂષણ છે અને પેટની સંઘરાખોરી સ્વાસ્થ્ય માટે દૂષણ છે. આધુનિક laxative, purgative જ્યારે નહોતાં ત્યારે ઘરે ઘર હાથવગું હથિયાર હતું, હિંગ અને એળિયો મિશ્રણ. સરખે ભાગે લઈ મિશ્રણ તૈયાર કરો. તેમાંથી એક ગ્રામ રોજ રાત્રે લેવું.

## શબ્દગુંફન - ૭૨૨૦

અરવિંદ એસ. મારૂ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | |
| | ■ | | ■ | ૬ | ૭ | | ■ | | ■ |
| ■ | ૮ | | ૯ | ■ | | ■ | ૧૦ | | ૧૧ |
| ૧૨ | | ■ | ૧૩ | | ■ | ૧૪ | | ■ | |
| | ■ | ૧૫ | | ■ | ૧૬ | | ■ | ૧૭ | |
| ૧૮ | ૧૯ | | ■ | ૨૦ | ■ | ૨૧ | ૨૨ | ■ | |
| ■ | | ■ | ૨૩ | | ૨૪ | ■ | ૨૫ | | ■ |
| ૨૬ | | ૨૭ | | ■ | ૨૮ | | ■ | | ૨૯ |
| | ■ | | ■ | ૩૦ | | ■ | ૩૧ | | |
| ૩૨ | | ■ | ૩૩ | | ■ | ૩૪ | | ■ | |

**આડી ચાવી**
૧. કેદ માટે પકડાયેલું (૫)
૪. શ્રમ, જહેમત (૪)
૬. ભૂલ ભરેલું (૩)
૮. સેવક (૩)
૧૦. મુખ, ચહેરો (૩)
૧૨. પ્રત્યેક દરેક (૨)
૧૩. દુઃખ, પીડા (૨)
૧૪. રસ્તો, રાહ (૨)
૧૫. શોક (૨)
૧૬. નકામું બાદ કરેલું (૨)
૧૭. સ્નેહ, પ્રિત (૨)
૧૮. કર્તવ્ય(૩)
૨૧. 'ચેતતો... સદા સુખી' (૨)
૨૩. ધારો, પ્રથા (૩)
૨૫. અક્કલ, બુદ્ધિ (૨)
૨૬. હેતુ, આશય (૪)
૨૮. ઇજન, નોતરું (૩)
૩૦. ફૂલો વગેરેની માળા (૨)
૩૧. દુઃખ (૩)
૩૨. વાંદરો, વાનર (૨)
૩૩. એક વાર (૨)
૩૪. દુશ્મનાવટ (૨)

**ઊભી ચાવી**
૧. પર્વત (૨)
૨. બીક (૩)
૩. નસ, વલણ (૨)
૪.અભિપ્રાય (૨)
૫. રોકડું (૩)
૭. થોડા વાળની સેર (૨)
૮. લીલું ઘાસ(૨)
૯. મોટી સંખ્યામાં નાણું (૩)
૧૦. ટેક, આબરૂ (૨)
૧૧. નવું, નવલું (૪)
૧૨. શબ્દ, બોલ (૩)
૧૪. વગાડવું તે (૩)
૧૫. હાથી (૨)
૧૯. બનાવેલું (૩)
૨૦. સેવક (૨)
૨૨. ખિલાડી (૫)
૨૩. પરમેશ્વર (૨)
૨૪. આધાર, ભરોસો (૩)
૨૬. સુગંધ, ફોરમ (૩)
૨૭. શ્રીરામનો પુત્ર (૨)
૨૯. વેચાણનું નાણું (૩)
૩૦. નુકસાન (૨)



## આજનું પંચાંગ

**તા.14/05/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** વૈશાખ
**તિથિ:** વદ : બારસ : 11:22, પ્રદોષ
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ: 24 **યોગ :** પ્રીતિ,
**કરણ:** ગર **નક્ષત્ર :** રેવતી: 22:34
**રાશિ:** મીન (દ.ચ.ઝ.થ.) 22:34 પછી મેષ (અ.લ.ઇ.)
**દિવસ :** મિશ્ર- વટસાવિત્રી વ્રતારંભ - શુક્ર મિથુનમાં 10:54 થી બુધ વૃષભમાં 24:33 થી
**સુરતમાં સૂર્યોદય :** 06:03
**સુરતમાં સૂર્યાસ્ત :** 19:07
**નવકારસી :** 06:51
**પારસી વર્ષ :** 1395 દએ માસનો 03 જો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્કાદ માસનો 26મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુ કાળ :** બપોરે : 13:30 થી 15:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ગુપ્તભય સતાવે. સંતાનોથી અશાંતિ પેદા થાય. ખર્ચા પર કાબુ રાખવો. સમાજજીવનમાં સાવધાન રહેવું.
**વૃષભ (બ,વ,ઉ,):** ઇર્ષાળુ મિત્રોથી નુકશાન થાય. નવા રોકાણમાં ધીરજ રાખવી. સંતાનોની સમસ્યા સતાવશે.
**મિથુન (ક,છ,ઘ,):** કેરીયરમાં ફેરફાર થાય. નવા સોદા પાર પડે. સમાજ જીવનમાં અશાંતિ સતાવે. મિલકત બાબતે પ્રગતિ.
**કર્ક (ડ,હ,):** વિદેશનાં કામમાં પ્રગતિ થાય. જીવનસાથી સાથે ઘર્ષણ ટાળવું. ધાર્મિક પ્રવાસ થાય. કાયદા બાબત સાવધાન રહેવું.
**સિંહ (મ,ટ,):** શત્રુઓથી સાવધાન. ઉધાર લેવા-દેવાનું ટાળવું પડવા-વાગવાથી સંભાળવું. સરકારી કામમાં સાવધાન.
**કન્યા (પ,ઠ,ણ,):** રોજના કામમાં પ્રગતિ થાય. ભાગીદારોનો સાથ મળે. નોકરીમાં જવાબદારી વધે. ઘરમાં અશાંતિ રહે.
**તુલા (ર,ત,):** આંખની પીડા થઇ શકે. આરોગ્ય નરમ અને માનસિક પિડાનો અનુભવ વધે. ખર્ચા વધશે.
**વૃશ્ચિક (ન,ય,):** આવક વધે. પ્રેમમાં સાથ મળે. સંતાનોની ચિંતા સતાવે. જીવનસાથી સાથે ઘર્ષણ થાય.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** ઘરમાં પડવા-વાગવાથી સાવધાન રહેવું. બહારનાં કામનો બોજ સતાવે. વડીલોનો સાથ મળે.
**મકર (ખ,જ,):** નોકરીમાં નવી જવાબદારી આવે. દલાલીનાં કામ થાય. જીવનસાથી સાથે ઘર્ષણ થાય.
**કુંભ (ગ,સ,શ,ષ,):** ઘરનાં કામમાં મદદ મળે. રોજની આવક વધે. સંતાનો બાબતે થાય. નિર્ણય લેવાય.
**મીન (દ,ચ,ઝ,થ,):** જોખમ લેવું નહીં. નવા લોકોથી સાવધાન પ્રવાસમાં વિઘ્નો આવે. સમાજમાં માન વધે.

## કોઈ પણ સાલમાં 14 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ચડતી-પડતી નવા ફેરફાર નવી જવાબદારી અને હરીફોની હેરાનગતિ વધારનાર છે. સમાજમાં અશાંતિ અને પરિવારમાં જવાબદારી વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સાવધાની રાખવી કોઇ બનાવી જઇ શકે છે. નવા ઘર, વાહન, મકાન બાબતે વર્ષની શરૂઆત અનુકૂળ છે. વધારાની આવકની યોજનામાં ચડતી પડતી રહે. ઉઘરાણી અટકે ખર્ચા વધશે. આરોગ્ય નરમ-ગરમ રહે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં સામાન્ય રહે. નવા વેપાર-ધંધા-વ્યવસાયમાં ટેકનોલોજીમાં લાભ મળે. વારસા જાયદાદ જમીન જેવો કામમાં વિઘ્નો આવે. ઉંમરલાયકના વિવાહના ખર્ચા સતાવે. વિદેશનાં કામ ધીમા પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. યાત્રા પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. મે-જૂ તથા ઓગસ્ટ સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર, 5, 14, 23 તારીખે કામ કરી શકાય. લીલા રંગનો ઉપાયોગ કરતા રહેવું જૂન-જુલાઈ, શનિવાર, 7, 16, 25 તારીખે નવા કામ ટાળવા. લાલ, કાળા રંગનો ઉપયોગ ટાળવો. બુધવારનાં ઉપાય કરતા રહેવું.